# એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૧/૯/'૦૮ નાં રોજ ૧૧:૦૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :

Shyamji Krishna Verma Kachchh University
BHUJ-Kachchh
370001

આજ રોજ તા.૧૧/૯/'૦૮ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના હોલમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રીના અનુમોદનથી સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરુદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| ડૉ. એચ.કે. કાકરાની,<br>આચાર્યશ્રી, તોલાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી, આદિપુર. | હાજર |
| શ્રી પી.એમ. ભટ્ટ,<br>આચાર્યશ્રી, જે.બી. ઠકકર કોમર્સ કોલેજ, ભૂજ. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેક્ટરશ્રી, અંજાર એજ્યુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., ભૂજ. | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>મેમ્બર સેક્રેટરી | હાજર |

૧. ગત્ મિનિટ્સનું વાંચન અને બહાલી :

ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધ બહાલી આપવામાં આવેલ.

૨. યુનિવર્સિટીને જોડાણ અનુસંધાને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી નવી કોલેજ/ અભ્યાસક્રમો શરૂ કરવા મળેલ અરજીઓ :

શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ માટેની જુદા જુદા અભ્યાસક્રમો શરૂ કરવાની જુદા જુદા શૈક્ષણિક ટ્રસ્ટો પાસેથી મળેલ અરજીઓ પરત્વે ચર્ચા વિચારણા હાથ ધરાયેલ અને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવેલ.

ઠરાવ :૧ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે જે ટ્રસ્ટ/ મેનેજમેન્ટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી નવું જોડાણ મેળવવા જે અરજીઓ કરેલ છે તે તમામ અરજીઓનો સૈધ્ધાંતિક સ્વિકાર કરવો તેમજ તે સંસ્થાઓના જોડાણ સંબંધે એકટની જોગવાઈ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવી અને સંબંધિત કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

શ્રી હોલમાતાજી ચેરીટેબલ ટ્રસ્ટની મૂળ અરજી પી.જી.ડી.સી.એ. ની હતી પરંતુ તેમણે તે અરજી બી.બી.એ. માટે ગ્રાહય રાખવાની વિનંતી કરતા તે ગ્રાહય રાખવામાં આવે, તેવી જ રીતે શ્રી ઝેડ.એન. પટેલ ચેરીટેબલ ટ્રસ્ટની મૂળ દરખાસ્ત બી.સી.એ. માટે હતી. પરંતુ તેમના પત્રથી તે દરખાસ્ત એમ.બી.એ. માટેની કરવાની વિનંતીને પણ સભા દ્વારા ગ્રાહય રાખવામાં આવે છે.

૩. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮ નાં જોડાણ માટેની ભલામણ રાજય સરકારશ્રીને કરવાની થાય છે જે બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય:

આ યુનિવર્સિટી સંલગ્ન જે કોલેજોના કાયમી જોડાણ થયેલ નથી તેવી તમામ કોલેજોના શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮ નાં જોડાણની ભલામણ રાજય સરકારશ્રીને કરવા બાબતે ચર્ચા વિચારણા હાથ ધરાયેલ અને નીચે મુજબ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવ : ૨ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સંલગ્ન કાયમી જોડાણ ન ધરાવતી કોલેજ/ સંસ્થાના શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮નાં જોડાણના જાહેરનામાની ભલામણ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

૪. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ નાં જોડાણની આવેલ ફાઈલો બાબતે આગળની કાર્યવાહી જેવી કે લોકલ ઈન્કવાયરી સમિતિ નીમવી વગેરે કાર્યવાહી બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય :

આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ સંસ્થાઓએ કે જેઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ માટે આ યુનિવર્સિટીમાં ચાલુ જોડાણ માટે અરજી કરેલ છે તે બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવા ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવઃ ૩ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ સંસ્થાઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ ના વર્ષ માટે ચાલુ જોડાણ માટે અરજીઓ કરેલ છે તેમની નિયત કાર્યવાહી એકટની જોગવાઈ મુજબ હાથ ધરાય અને તે સંબંધિત કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

અધ્યક્ષ સ્થાનેથી નીચે જણાવ્યાનુસારના મુદાઓ ઉપસ્થિત થયેલ.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

Shyamji Krishna Verma Kachchh University
BHUJ-Kachchh
370001

૧. **કચ્છને મેડિકલ કોલેજ મળતા રાજ્ય સરકારશ્રીનો આભાર વ્યકત કરવા બાબતઃ**

ભૂજની જી.કે. જનરલ હોસ્પિટલ સંલગ્ન મેડિકલ કોલેજ આપવાની રાજ્ય સરકારશ્રી દ્વારા થયેલ જાહેરાત તથા તેના અનુસંધાને અદાણી ગ્રુપ્સની મેડિકલ કોલેજ માટે યુનિવર્સિટીને મળેલ જોડાણ અરજી બાબતે રાજ્ય સરકારશ્રીનો આભાર માનવા બાબતે ચર્ચા વિચારણા હાથ ધરાયેલ અને નીચે મુજબનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવેલ.

**ઠરાવઃ ૪** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કચ્છ વિસ્તારની લાંબા સમયની મેડિકલ કોલેજની માંગને ગુજરાતની રાજ્ય સરકારશ્રી દ્વારા ગ્રાહય રાખી મેડિકલ કોલેજ આપવાની જે જાહેરાત થઈ તથા તે જાહેરાતના અનુસંધાને આ યુનિવર્સિટી સંલગ્ન જોડાણ મેળવવા અદાણી ગ્રુપ્સ દ્વારા અરજી થયેલ છે તે માટે રાજ્ય સરકારશ્રીનો આભાર વ્યકત કરવામાં આવે છે અને તે અન્વયે સંબંધિતો જેવા કે**

**૧. માનનીય મુખ્યમંત્રીશ્રી, શ્રી નરેન્દ્રભાઈ મોદી**
**૨. માનનીય આરોગ્યમંત્રીશ્રી, શ્રી જયનારાયણભાઈ વ્યાસ**
**૩. માનનીય શિક્ષણમંત્રીશ્રી, શ્રી રમણલાલ વોરા**
**૪. માનનીય મુખ્ય સચિવશ્રી**
**૫. માનનીય આરોગ્ય સચિવશ્રી**
**૬. માનનીય શિક્ષણ સચિવશ્રી સર્વેનો આભાર અને આનંદની લાગણી વ્યકત કરતો પત્ર લખવાનો નિર્ણય કરવામાં આવે છે.**

૨. **મેડિકલ ફેકલ્ટીના અનુસંધાને બોર્ડ ઓફ સ્ટડીની રચના કરવા બાબતઃ**

શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી આ યુનિવર્સિટી સંલગ્ન મેડિકલ કોલેજની મળેલ દરખાસ્ત અન્વયે ફેકલ્ટીનો સ્ટેચ્યુટસમાં સમાવેશ કરવા બાબતે તથા બોર્ડ ઓડ સ્ટડીઝની રચના કરવા બાબતે ચર્ચા વિચારણા થયેલ અને સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ.

**ઠરાવઃ ૫** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીનો આગામી બનનાર સ્ટેચ્યુટસમાં સમાવેશ કરવો તથા હાલમાં અરજીના અનુસંધાને જરૂર જણાયે એડહોક ધોરણે બોર્ડ ઓફ સ્ટડીઝની રચના કરવી.**

૩. **એક્ઝિકયુટીવ કાઉન્સિલના સભ્યને ઈન્ટરવ્યુમાં પ્રતિનિધિ તરીકે મૂકવા બાબત :**

એક્ઝિકયુટીવ કાઉન્સિલની તા. ૧૯/૭/'૦૮ નાં રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંકઃ ૮ થી લેવાયેલ નિર્ણય અનુસાર યુનિવર્સિટી/કોલેજમાં યોજાતા ઈન્ટરવ્યુમાં એક્ઝિકયુટીવ કાઉન્સિલના એક સભ્યને પ્રતિનિધિ તરીકે મોકલવા અન્વયે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**ઠરાવ : ૬** **એક્ઝિકયુટીવ કાઉન્સિલની તા.૧૯/૭/'૦૮ નાં મળેલ સભામાં થયેલ ઠરાવ ક્રમાંકઃ૮ અન્વયે એક્ઝિકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીને "ઓબ્ઝર્વર" તરીકે મોકલવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૪. **સંલગ્ન ફેકલ્ટીની કોલેજમાં ડીનશ્રીની મુલાકાત બાબતઃ**

સંલગ્ન કોલેજમાં ડીનશ્રીએ અચાનક કે નિર્ધારીત રીતે મુલાકાત લેવાની થતી હોય છે જેમાં ડીનશ્રી જયારે કોઈ કોલેજની મુલાકાતે જાય ત્યારે ગાડી ભાડું ચૂકવવા બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો નિર્ણય કરવામાં આવ્યો.

**ઠરાવ : ૭** **આથી સર્વુમતે ઠરાવવામાં આવે છે કે જયારે પણ ડીનશ્રી પોતાની સંબંધિત ફેકલ્ટીની કોલેજમાં મુલાકાત અર્થે જાય ત્યારે જો પોતાની ગાડી લઈને જાય તો ન્યુનત્તમ અંતરના કિ.મી.**

દીઠ રૂા.૫/– મુજબ ચૂકવણું કરવામાં આવશે. પરંતુ જયારે કોઈ ડીનશ્રી ભાડાની ગાડી લઈને મુલાકાતે જશે ત્યારે ન્યુનત્તમ ભાડુ રૂા.૧૩૫૦/– અથવા વાસ્તવિક ભાડુ બે માંથી જે ઓછું હશે તેના આધાર રજૂ થયેથી ચૂકવવામાં આવશે.

આવી મુલાકાતોના રિપોર્ટ ડિનશ્રીએ માનનીય કુલપતિશ્રીને વિગતવાર આધારો સાથે તુરંત મોકલી આપવાનો રહેશે.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

**૫. શેઠ શુરજી વલ્લભદાસ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવીની મળેલ ફરિયાદ અન્વયે તપાસ સમિતિ નીમવા બાબત :**

એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી અનિરૂધ્ધભાઈ દવે તરફથી માંડવી કોલેજના વહીવટ સંબંધે અનેક ક્ષતિઓ પ્રવર્તી રહી છે તેવી રજૂઆત સંદર્ભે ચર્ચા વિચારણા થયેલ અને નીચે મુજબ નિર્ણય લેવામાં આવેલ.

**ઠરાવ :૮** શેઠ શુરજી વલ્લભદાસ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવીના વહીવટમાં અનેક ક્ષતિઓ બાબતે થયેલ ફરિયાદ અન્વયે નીચે મુજબ તપાસ સમિતિ નિમવાનું નકકી કરવામાં આવે છે.

તપાસ સમિતિ :

૧. શ્રી અનિરૂધ્ધભાઈ દવે ( અધ્યક્ષશ્રી)
૨. શ્રી મુકેશભાઈ ઝવેરી ( સભ્યશ્રી)
૩. શ્રી પી.એમ. ભટ્ટ (સભ્યશ્રી)
૪. શ્રી ચિન્મોય બેનર્જી (સભ્યશ્રી)
૫. શ્રી તુશારભાઈ હાથી (સભ્યશ્રી)
૬. યુનિવર્સિટીના સી.એ.શ્રી (સભ્યશ્રી)

આ તપાસ સમિતિએ કોલેજને મળતી જુદી જુદી ગ્રાન્ટો, વિદ્યાર્થીઓની લેવામાં આવતી ફી, લાયબ્રેરી વગેરે બાબતે તપાસ કરવાની રહેશે.

આ તપાસ દરમ્યાન હિસાબો તપાસવાની કામગીરી યુનિવર્સિટીના સી.એ. શ્રી મહેશભાઈ અંજારીયાએ સંભાળવાની રહેશે.

યુનિવર્સિટીના સી.એ.શ્રીની આ વધારાની કાગીરી અન્વયે ચૂકવવાનું થતું મહેનતાણા બાબતે માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવે છે.

**૬. યુનિવર્સિટીના પ્રથમ સ્ટેચ્યુટસ, ઓર્ડિનન્સ વગેરેની રચના કરવાની કામગીરી બાબત :**

યુનિવર્સિટીના પ્રથમ સ્ટેચ્યુટસ, ઓર્ડિનેન્સીસ વગેરે બનાવવાની કામગીરી અન્વયે શ્રી આર. એમ. મહેતા, લૉ કન્સલટન્ટ તરફથી મળેલ દરખાસ્ત બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ: ૯** શ્રી આર. એમ. મહેતા, લૉ કન્સલટન્ટશ્રી તરફથી મળેલ દરખાસ્ત અન્વયે તેમને પ્રથમ સ્ટેચ્યુટસ તથા ઓર્ડિનન્સીસ બનાવવાની કામગીરી સોંપવાનો સૈધ્ધાંતિક સ્વિકાર કરવામાં આવે છે. તેમણે તેમની દરખાસ્તમાં દર્શાવેલ મહેનતાણમંની રકમ રૂા. ૬,૨૦,૦૦૦/– ચૂકવવા બાબતે અંતિમ નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

**૭. ત્રણ નવી કોલેજો અભ્યાસક્રમ શરૂ કરવા બાબતે રાજય સરકારશ્રીને સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવા થયેલ ભલામણ વાળી કોલેજ/ અભ્યાસક્રમ શરૂ કરવા બાબત :**

યુનિવર્સિટીએ શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ માં નવા અભ્યાસક્રમો શરૂ કરવાની મળેલ દરખાસ્તો અન્વયે જે સંસ્થાઓએ તમામ પૂર્તતા કરેલ છે તેમની કોલેજ/ અભ્યાસક્રમ શરૂ થાય તે હેતુથી રાજય સરકારશ્રીને સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા ભલામણ કરેલ જેમાં રાષ્ટ્રીય સ્વાભિમાન ટ્રસ્ટ, ઈન્દ્રપ્રસ્થને બી. જર્નાલીઝમ, અંજાર એજયુકેશન સોસાયટીને પી.જી.ડી.એચ.આર.એમ. શરૂ કરવા તેમજ હરિકૃષ્ણ વેલ્ફેર ટ્રસ્ટ, ભચાઉ બી.પી.એડ. શરૂ કરવા ધયેલ ભલામણ અન્વયે પ્રથમ બેને મંજૂરી મળી જતાં તથા અન્યં એકની મંજૂરી મળવામાં હોતાં આવા અભ્યાસક્રમો શરૂ કરવા બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.

ઠરાવ: ૧૦ જે સંસ્થાને રાજય સરકારશ્રી, શિક્ષણ વિભાગ તરફથી અભ્યાસક્રમ શરૂ કરવા સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી મળેલ છે તે સંસ્થાઓ જો ચાલુ શૈક્ષણિક વર્ષ માટે ૨૦૦ ઉપરાંતના દિવસોનું શૈક્ષણિક આયોજન મોકલાવી બાંહેધરી આપે તો આવા નવા અભ્યાસક્રમો આ વિસ્તારમાં [illegible] હોવાથી આ વિસ્તારના તેમજ વિદ્યાર્થીઓના હિત ખાતર સ્પેશીયલ કેસ તરીકે અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

૮. કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન સંચાલિત જી.એમ.ડી.સી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નખત્રાણાના મેનેજમેન્ટે તેમણે જમા કરાવેલ ડીપોઝીટની રકમમાંથી વધારાની ડીપોઝીટની રકમ પરત કરવા બાબત :

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૧૯/૭/'૦૮ ની સભામાં જમા રહેલ રકમ ડીપોઝીટમાંથી શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: યજન–૧૦૨૦૦૧– (૨૮) ખ.૧ તા.૨૧/૧૨/૨૦૦૧ અન્વયે જે જમા રાખવાની થતી હતી તે ડીપોઝીટ જમા રાખી વધારાની રકમ પરત કરવા બાબતે નિર્ણય લેવાયેલ. પરંતુ સંબંધિત કોલેજોના કર્મચારી/અધ્યાપકશ્રીઓના તા.૨૧/૭/'૦૮ ના પત્ર દ્વારા આ ડીપોઝીટની રકમ પરત કરવા બાબતે વાંધો ઉઠાવવામાં આવતા આ મુદો ફરી એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં ચર્ચામાં મૂકવામાં આવેલ જેના અનુસંધાને ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો નિર્ણય લેવામાં આવ્યો.

ઠરાવ: ૧૧ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે રાજય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: યજન–૧૦૨૦૦૧– (૨૮) ખ.૧ ની જોગવાઈઓ અનુસારની ડીપોઝીટ યુનિવર્સિટીમાં જમા રહેજ છે તેમ છતાં જે રકમ સંસ્થાને પરત કરવામાં આવે છે તે બાબતે કોઈ વાંધો રજૂ થાય અથવા કોઈ કાનૂની પ્રક્રિયા હેઠળ તે રકમની જરૂર પડે અથવા કોઈ અન્ય કારણોસર તે પરત કરવામાં આવેલ રકમની જરૂર પડે તો સંસ્થાએ તે રકમ પરત કરવાની રહેશે. તે શરતે સંસ્થાને તે રકમ ફાળવવી.

૯. કચ્છ બહારથી અનુસ્નાતક ભવનોમાં લેકચર લેવા આવતા અધ્યાપકશ્રીઅને લેકચરદીઠ ચૂકવવાના થતા મહેનતાણાં બાબત :

યુનિવર્સિટીએ ચાલુ શૈક્ષણિક વર્ષથી કેમ્પસ ઉપર આઠ અનુસ્નાતક ભવનો કાર્યરત કરેલ છે. યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક જગ્યાઓ ભરાવવાની કાર્યવાહી ચાલુમાં છે. હાલ મહદઅંશે દરેક ભવનમાં બે થી ત્રણ અધ્યાકશ્રીઓ દ્વારા કાર્ય થઈ રહેલ છે ત્યારે જરૂરિયાત અનુસાર કચ્છ બહારથી અનુભવી અધ્યાપકશ્રીઓને બોલાવવાના થાય છે ત્યારે તેમને લેકચરદીઠ ચૂકવવાના થતા મહેનતાણાં બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ.

ઠરાવ: ૧૨ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક ભવનોમાં અનુસ્નાતક અભ્યાસક્રમોમાં તથા એમ.ફીલ. અભ્યાસક્રમમાં અધ્યાપન કાર્ય માટે કચ્છ બહારથી આવતા અધ્યાપકશ્રીને ચૂકવવા માટે મહેનતાણું નકકી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

૧૦. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આચાર્યશ્રીના ઈન્ટરવ્યુ યોજાય ત્યારે પસંદગી સમિતિના માર્ગદર્શન માટે ગુણાંકન પધ્ધતિ બાબત:

આચાર્યશ્રીની પસંદગી માટે હાલ યુનિવર્સિટીની જે ગુણાંકન પધ્ધતિ/સ્કીમ અમલમાં છે તેમાં ફેરફાર કરવા માટે અને સમગ્ર તથા મૂલ્યાંકન માટેના ગુણાંક વધારવા બાબતે ચર્ચા વિચારણા થયેલ અને નીચે મુજબનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો.

ઠરાવ: ૧૩ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રીની પસંદગી સમિતિમાં ગુણાંકનમાં ફેરફાર માટે અને પધ્ધતિ નકકી કરવા માટે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના મેનેજમેન્ટને જવાબદારી સોંપવામાં આવે. મેનેજમેન્ટ કોઈ એક માર્કસ ડીસ્ટ્રીબ્યુશન સ્કીમ બનાવીને આપે જે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભામાં મૂકી ચર્ચા કર્યા બાદ આગળની કાર્યવાહી કરવી.

અન્ય કોઈ મુદો ઉપસ્થિત ન થતાં સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.